RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 81, Dt.14-06-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોંઘવારી તોબા તોબા, ૧૫ માસની રેકોર્ડ ટોચે



## મે મહિનામાં બેવડો માર પડ્યોઃ સામાન્ય માણસના ખિસ્સા પર સૌથી વધુ અસર શાકભાજીની કિંમતોની રહીઃ ઈંધણથી લઈ વીજળી સુધી તમામ વસ્તુઓ મોંઘી બનીઃ ખાદ્ય વસ્તુઓની મોંઘવારી ગત માસમાં ૯.૮૨ ટકા રહી હતી જે એપ્રિલ માસમાં ૭.૭૪ ટકા હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જથ્થાબંધ બજારની કિંમતો પર આધારિત મોંઘવારીના નવા આંકડા સામે આવી ગયાં છે. એપ્રિલની સરખામણીએ મે ના મહિનામાં આ બમણાંથી વધુ વધ્યાં છે અને ઓવરઓલ ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચી ગયાં છે. આગામી સમયમાં શક્ય છે કે જથ્થાબંધ મોંઘવારીની અસર દેશના સામાન્ય લોકો અને રિટેલ બજારમાં જોવા મળે, ત્યારે જોવાનું એ રહેશે કે આ વિશે આરબીઆઈ શું નિર્ણય લે છે.

મે મહિનામાં દેશની અંદર જથ્થાબંધ મોંઘવારીનો દર ૨.૬૧ ટકા રહ્યો છે. આ એપ્રિલના ૧.૨૬ ટકાથી લગભગ બમણો વધું છે જ્યારે ગત વર્ષે મે માં દેશની જથ્થાબંધ મોંઘવારી દર શૂન્યથી પણ ઓછો એટલે કે નેગેટિવ હતો. આ -૩.૬૧% રહ્યો હતો.

સામાન્ય માણસના ખિસ્સા પર સૌથી વધું મોંઘી શાકભાજીની કિંમતોએ અસર નાખી છે. બટાકા અને ડુંગળી સહિત અન્ય શાકભાજીઓની જથ્થાબંધ કિંમતમાં વધારો જોવા મળ્યો. શાકભાજીઓનો મોંઘવારી દર મે મહિનામાં ૩૨.૪૨% રહ્યો છે. એપ્રિલમાં આ આંકડો ૨૩.૬૦ ટકા હતો. ડુંગળીનો મોંઘવારી દર મે માં ૫૮.૦૫ ટકા અને બટાકાનો મોંઘવારી દર ૬૪.૦૫ ટકા રહ્યો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે શુક્રવારે ડબ્લ્યૂપીઆઈ ઈન્ફ્લેશનના મે ના આંકડા જારી કર્યાં છે. જેમાં ફૂડ ઈન્ફ્લેશનના આંકડા પણ સામે આવ્યા છે. આંકડા અનુસાર મે માં ખાદ્ય વસ્તુઓનો મોંઘવારી દર ૯.૮૨ % રહ્યો છે, જ્યારે એપ્રિલમાં આ ૭.૭૪ ટકા હતો. સૌથી વધુ મોંઘવારી દાળની કિંમતોમાં જોવામાં આવી છે. દાળનો મોંઘવારી દર મે માં ૨૧.૯૫ ટકા રહ્યો છે.

મે મહિનામાં ઈંધણ એટલે કે પેટ્રોલ-ડીઝલથી લઈને મોંઘી વિજળી સુધીએ સામાન્ય માણસના ખિસ્સા પર અસર નાખી છે. મે મહિનામાં ઈંધણ અને વિજળી સેક્ટરનો મોંઘવારી દર ૧.૩૫% રહ્યો છે. આ સિવાય મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સની કેટેગરીમાં મોંઘવારી દર ૦.૭૮ ટકા રહ્યો છે.

## યેદિયુરપ્પા હાજીર હો...યૌન શોષણ કેસમાં બિનજામીનપાત્ર વોરંટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુરુવારે, ફાસ્ટ ટ્રેક કોર્ટે કર્ણાટકના પૂર્વ સીએમ અને બીજેપી નેતા બીએસ યેદિયુરપ્પા વિરુદ્ધ પોક્સો કેસમાં ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. તેમના પર સગીરાનું યૌન શોષણ કરવાનો આરોપ છે.

વોરંટ જાહેર થયા બાદ તેમણે કર્ણાટક હાઈકોર્ટમાં આગોતરા જામીન અને કેસ રદ કરવાની માંગણી કરતી અરજીઓ કરી હતી. આ અંગે આજે સુનાવણી હાથ ધરાશે. યેદિયુરપ્પાની ધરપકડ કરવામાં આવશે કે નહીં તે અંગે કોર્ટ આજે ચુકાદો સંભળાવશે.



ખરેખરમાં આ ઘટના ૨ ફેબ્રુઆરી ૨૦૨૪ની છે. એક મહિલા તેની ૧૭ વર્ષની પુત્રી સાથે રેપ કેસમાં મદદ લેવા યેદિયુરપ્પાના ડોલર્સ કોલોનીના ઘરે ગઈ હતી. આરોપ છે કે ત્યાં સગીરાની છેડતી કરવામાં આવી હતી. ૧૪ માર્ચે, સગીરાની માતાની ફરિયાદના આધારે બેંગલુરુના સદાશિવનગર પોલીસ સ્ટેશનમાં યેદિયુરપ્પા વિરુદ્ધ ડ્ઢઈજ્વ અને ૩૫૪ (અ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

FIR નોંધાવનાર મહિલા (પીડિતાની માતા)નું ૨૬ મેના રોજ અવસાન થયું હતું. તે ફેફસાના કેન્સરની દર્દી હતી. હવે પુત્ર કેસ લડી રહ્યો છે. કર્ણાટક ડીઆઈજીએ આ કેસ સીઆઈડીને સોંપ્યો હતો.

બુધવારે સીઆઈડીએ તેમને હાજર થવા માટે સમન્સ મોકલ્યું હતું. જેના જવાબમાં તેમના વકીલે એક સપ્તાહનો સમય માંગ્યો હતો. તેમણે કહ્યું કે તે ૧૭ જૂને પૂછપરછમાં હાજર રહેશે, પરંતુ CID ફાસ્ટ ટ્રેક કોર્ટમાંથી વોરંટ જાહેર કર્યું.

FIR મુજબ પીડિત સગીરા ૨ ફેબ્રુઆરીએ તેની સામે થયેલા યૌન ઉત્પીડનના કેસમાં મદદ માગવા બેંગલુરુમાં ડોલર્સ કોલોનીમાં યેદિયુરપ્પાના ઘરે ગઈ હતી. ત્યારે તેણે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે પીડિતા રૂમમાંથી બહાર નીકળી ત્યારે તેણે તેની માતાને કથિત છેડતી વિશે જણાવ્યું.પીડિતાની માતાની ફરિયાદના આધારે ત્ર્ઈઇછનોંધવામાં આવી હતી. જોકે મામલો સામે આવ્યા બાદ યેદિયુરપ્પાની ઓફિસે કેટલાક દસ્તાવેજો જાહેર કર્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે FIR દાખલ કરાવનાર મહિલાએ અત્યારસુધીમાં જુદા જુદા લોકો વિરુદ્ધ ૫૩ કેસ દાખલ કર્યા છે. FIR અનુસાર, મહિલાએ વધુમાં આરોપ લગાવ્યો કે જ્યારે તેણે યેદિયુરપ્પાને આ વિશે પૂછ્યું તો તેમણે કહ્યું કે તે છોકરી પર બળાત્કાર થયો છે કે નહીં એની તપાસ કરી રહ્યા છે. બાદમાં યેદિયુરપ્પાએ કથિત રીતે માફી માગી હતી અને મહિલાને આ બાબત વિશે કોઈને ન કહેવા કહ્યું હતું.

## લોકસભાની ચૂંટણીએ અહંકારીઓને ૨૪૧ બેઠક પર લાવી દીધાઃ સંઘના નેતાનું સુચક વિધાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંઘ પ્રમુખ મોહન ભાગવત બાદ હવે વધુ એક આરએસએસના વરિષ્ઠ નેતા ઇંદ્રેશકુમારે ભાજપ પર નિશાન સાધ્યુ છે. તેમણે જણાવ્યું હતું કે, તેમના (ભાજપ)ના અહંકારે તેમને લોકસભાની ચૂંટણીમાં ૨૪૧ સીટ પર લાવી દીધુ. ઇંદ્રેશકુમારે 'ઇન્ડિયા' ગઠબંધનને રામ વિરોધી કહ્યા હતા.

લોકસભા ચૂંટણી બાદ કેન્દ્રમાં એનડીએની સરકાર બની ગઈ છે. જો કે આ વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતી મળી નથી અને પરિણામ ધાર્યા પ્રમાણે આવ્યા નથી. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાએ લોકસભા ચૂંટણીના પરિણામો પર આડકતરી રીતે



ભાજપ પર નિશાન સાધ્યું છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા ઈન્દ્રેશ કુમારે લોકસભા ચૂંટણીના પરિણામો પર સત્તાધારી ભાજપને 'અહંકારી' અને વિપક્ષ I.N.D.I.A ગઠબંધનને 'રામ વિરોધી' ગણાવ્યા છે. ઈન્દ્રેશ કુમારે કહ્યું, 'રામ દરેક સાથે ન્યાય કરે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને જોઈ લો.' જે પાર્ટીએ ભગવાન રામની પૂજા કરી, તે અહંકારી બની ગઈ, તેને ૨૪૧ પર જ અટકાવી દેવામાં આવી, પરંતુ તેને સૌથી મોટી પાર્ટી બનાવવામાં આવી હતી.

આ ઉપરાંત I.N.D.I.Aગઠબંધનનો ઉલ્લેખ કરતા સ્પષ્ટપણે કહ્યું કે, 'જેમને રામમાં આસ્થા ન હતી, તેઓને એકસાથ ૨૩૪ પર રોકી દેવામાં આવ્યા.' રામનો વિરોધ કરનારામાંથી કોઈને સત્તા આપવામાં આવી નથી. ત્યા સુધી કે બધાને એક સાથે નંબર ૨ પર જ રહી ગયા. ઈશ્વરનો ન્યાય સાચો અને આનંદદાયક છે.'

ઈન્દ્રેશ કુમાર ગુરૂવારે જયપુર નજીક કનોટા ખાતે 'રામરથ અયોધ્યા યાત્રા દર્શન સમારોહ' સંબોધન કરી રહ્યા હતા. ઇન્દ્રેશ આરએસએસના રાષ્ટ્રીય કાર્યકારી સભ્ય પણ છે. જો કે, તેમણે તેમના નિવેદનમાં કોઈ પક્ષનું નામ લીધું નથી. પરંતુ તેનો ઈશારો સ્પષ્ટ રીતે પક્ષ અને વિપક્ષ પર હતો. ઇન્દ્રેશકુમારે કહ્યું કે, ભગવાનનો ન્યાય સાચો અને આનંદદાયક હોય છે. જે લોકો તેમની પૂજા કરે છે તેમણે વિનમ્ર હોવું જોઇએ અને જે લોકો વિરોધ કરે છે. ભગવાન પોતે તેમનો ઉકેલ લાવી દે છે.

તેમણે કહ્યું કે, ભગવાન રામ ભેદભાવ કે સજા કરતા નથી. રામ કોઇને વિલાપ કરાવતા નથી. રામ દરેકને ન્યાય આપે છે. તેઓ આપે છે અને આપતા રહેશે. ભગવાન રામ ન્યાયપ્રિય હતા અને હંમેશા રહેશે. એક તરફ તેમણે લોકોની રક્ષા કરી તો બીજી તરફ રાવણનું પણ ભલુ કર્યુ હતું.''

## એક પણ આતંકવાદી છૂટવો ન જોઈએઃ પીએમ મોદીએ કાશ્મીર મુદ્દે કરી હાઈલેવલ મીટિંગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ કાશ્મીરમાં ૭૨ કલાકમાં ત્રણ આતંકવાદી હુમલા થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ NSA અજીત ડોભાલ અને અન્ય અધિકારીઓ સાથે હાઈલેવલની બેઠક યોજી છે. બેઠકમાં વડાપ્રધાને કહ્યું છે કે, એક પણ આતંકવાદી છૂટવો ન જોઈએ.

અધિકારીઓએ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સંબંધીત સ્થિતિ અંગે વડાપ્રધાનને સંપૂર્ણ માહિતી આપી છે. આ ઉપરાંત તેમણે આતંકવાદ વિરોધી પ્રયાસો અંગે પણ જાણકારી આપી છે. આ દરમિયાન વડાપ્રધાને આતંકવાદ સામે સંપૂર્ણ તાકાત સાથે લડવાનો અધિકારીઓને આદેશ આપ્યો છે.

વડાપ્રધાન મોદીએ ગૃહમંત્રી અમિત શાહ સાથે સુરક્ષા દળોની તહેનાતી અને આતંકવાદ વિરોધી ઓપરેશન અંગે ચર્ચા કરી છે. આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સાથે વાત કરી સ્થિતિનો તાગ મેળવ્યો છે. સિન્હાએ સ્થાનિક તંત્ર દ્વારા કરાયેલા પ્રયાસો અંગે વડાપ્રધાનને માહિતી આપી છે.





જમ્મુ કાશ્મીરમાં ૭૨ કલાકમાં ત્રણ આતંકી હુમલા થયા છે, જેમાં CRPFનો એક જવાન શહીદ થયો હતો, જ્યારે છ જવાનો ઘાયલ થયા હતા. જ્યારે કઠુઆમાં સૈન્ય ઓપરેશનમાં બે આતંકીઓ પણ ઠાર મરાયા હતા. હજુ બે દિવસ પહેલા જ વૈષ્ણોદેવીથી પરત ફરી રહેલી શ્રદ્ધાળુઓની બસ પર રિયાસીમાં કરાયેલા હુમલામાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો, એવામાં ત્રણ મોટા આતંકી હુમલાથી જમ્મુ કાશ્મીરમાં શાંતિ અને સુરક્ષાના દાવાની પોલ ખુલી હતી. સાથે જ સુરક્ષા એજન્સીઓ પર પણ સવાલો ઉઠવા લાગ્યા છે.

કઠુઆના હીરાનગરમાં સૈદા સુખલ ગામમાં મંગળવારે સવારે આઠ વાગ્યે આતંકી હુમલો થયો હતો. આ ગામમાં આતંકીઓ લોકોના ઘરોમાં હથિયારો સાથે પહોંચ્યા હતા, જેને કારણે ગામના લોકોએ વિરોધ કરતા આતંકીઓએ તેમના પર ગોળીબાર કરી દીધો હતો જેમાં એક નાગરિક ઘાયલ થયો છે. જે બાદ સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું જેમાં બે આતંકીઓ માર્યા ગયા હતા. જોકે આ ઓપરેશન દરમિયાન સીઆરપીએફનો એક જવાન કબીર દાસ શહીદ થઇ ગયો હતો. આતંકીઓ પાસેથી હથિયારો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરાઇ છે. આતંકીઓ પાસેથી પાકિસ્તાનમાં બનેલી ચોકલેટ, રોટલી, દવાઓ, ઇંજેક્શન, ૧ સિરિંજ, એક એેંટિના, હેન્ડ ગ્રેનેડ વગેરે જપ્ત કરાયા હતા. મોડી રાત સુધી બે સૈન્ય ઓપરેશન ચાલ્યા હતા.

આ દરમિયાન આતંકીઓએ એક સૈન્ય પોસ્ટ પર હુમલો કર્યો હતો, જેમાં પાંચ જવાનો અને એક સ્પેશિયલ પોલીસ ઓફિસર એસપીઓ પણ ઘાયલ થયા હતા. રિયાસીમાં વૈષ્ણોદેવીથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની બસ પર હુમલામાં ૧૦ લોકોના મોતની ઘટનાના બે દિવસ બાદ આ હુમલા સામે આવ્યા છે. જમ્મુ ઝોનના એડિશનલ ડીજીપી આનંદ જૈને કહ્યું હતું કે દોડા વિસ્તારમાં મોડી રાત્રે પોલીસ જોઇન્ટ પાર્ટી અને સૈન્યના રાષ્ટ્રીય રાઇફલના કાફલા પર મોડી રાત્રે હુમલો થયો હતો.

કઠુઆ હુમલામાં સામેલ બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા, એક આતંકી સ્થળ પર જ માર્યો ગયો હતો જ્યારે બીજો આતંકી જંગલમાં ભાગી ગયો હતો જેનો સવારે સફાયો કરાયો હતો. આતંકી પાસેથી અમેરિકી બનાવટની એમ૪ અસોલ્ટ રાઇફલ મળી આવી છે. ગામના લોકો પાસે આતંકીઓ પાણી માગી રહ્યા હતા જે દરમિયાન જ ગામના લોકોએ પોલીસને એલર્ટ કરી દીધી હતી. જેને કારણે આ બન્ને આતંકીઓને મારવામાં સફળતા મળી હતી. જોકે આ ઓપરેશન દરમિયાન એક જવાન શહીદ થયો છે અને અન્ય છ ઘાયલ થયા છે, જેમાં કેટલાકની સ્થિતિ ગંભીર છે.

## આંધ્રપ્રદેશ અને મધ્ય પ્રદેશમાં થયેલાં ભીષણ અકસ્માતમાં ૧૦ લોકોના મોત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં હાઈવે પર અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે આજે બે અલગ-અલગ રાજ્યોમાં અકસ્માતની ઘટનામાં કુલ ૧૦ લોકોના મોત થયા છે જ્યારે ૨૫થી વધુ લોક ઈજાગ્રસ્ત થયાના અહેવાલ મળી રહ્યા છે.

આજે પ્રથમ અકસ્માત આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લામાં થયો હતો. જ્યાં લાકડા ભરીને લઈ જઈ રહેલા ટ્રેક્ટરને ઓવરટેક કરતી વખતે મીની ટ્રકની કન્ટેનર સાથે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.



જ્યારે અન્ય એકનું હોસ્પિટલ લઈ જતા દરમિયાન મોત થયું હતું. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ટ્રકમાં કુલ ૧૦ લોકો સવાર હતા. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા છે.

અન્ય એક ઘટના મધ્યપ્રદેશમાં બની છે. જેમાં દાતિયા જિલ્લામાં રતનગઢ મંદિરે જતા શ્રદ્ધાળુઓ ભરેલી ટ્રેક્ટર પલટી મારી ગઈ હતી. જેમાં ચાર લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય ૧૯ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા શ્રદ્ધાળુઓને દાતિયા ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## કાશ્મીર ખીણમાં પણ ગૂંજશે જન ગણ મન, સ્કૂલોની મોર્નિંગ એસેમ્બલીમાં રાષ્ટ્રગાન સામેલ કરવાના નિર્દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આર્ટિકલ ૩૭૦ રદ્દ થતા અંતે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ બન્યું હોય તેવો આભાસ થાય છે. રાજ્યના ઐતિહાસિક શ્રીનગર, લાલ ચોકમાં ધ્વજારોહણથી દરેક ભારતીય ગદગદ થયા હતા. હવે કાશ્મીર ખીણમાં પણ ભારતનું રાષ્ટ્રગાન જન ગણ મન ગૂંજતું સંભળાશે.

શિક્ષણ વિભાગે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની દરેક શાળામાં સવારની એસેમ્બલી શરૂ કરવાનો અને તેમાં રાષ્ટ્રગીતને ફરજિયાત રીતે સામેલ કરવાનો નિર્દેશ આપ્યો છે. શિક્ષણ વિભાગના અગ્ર સચિવે એક પરિપત્ર દ્વારા તમામ શાળાઓને કેન્દ્રશાસિત પ્રદેશમાં સવારની એસેમ્બલી સમાન બનાવવાનો નિર્દેશ આપ્યો છે. બુધવારે જારી કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, ''સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ મુજબ, સવારની મીટિંગ રાષ્ટ્રગીત સાથે શરૂ થવી જોઈએ.''

વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, સવારની સભા વિદ્યાર્થીઓમાં એકતા અને શિસ્તની લાગણી જગાડવામાં એક અમૂલ્ય યોગદાન આપશે. અત્યારસુધી નોંધવામાં આવ્યું છે કે



ઉઊંની વિવિધ શાળાઓમાં આ મહત્વપૂર્ણ પરંપરા સમાન રૂપથી ચલાવવામાં આવી નથી આવી રહી.

સામે પક્ષે એક મહત્વની વાત એ છે કે રાજ્યમાં ટૂંક સમયમાં વિધાનસભાની તૈયારી શરૂ થઈ શકે છે. કેન્દ્રમાં નવી એનડીએની ગઠબંધનની સરકારની રચનાના એક જ સપ્તાહમાં અને ખાસ કરીને છેલ્લા ૩ દિવસમાં ૪ આંતકાવાદી હુમલા થયા છે. ઞ્ઝ હોવાથી આ મુદ્દે જવાબદારી કેન્દ્ર સરકારની બને છે તેથી સરકાર પણ જમ્મુ-કાશ્મીરની વણસી રહેલી સ્થિતિને સામાન્ય નથી લઈ રહી.

## ૧૮ જૂને કિસાન સન્માન નિધિનો હપ્તો જાહેર થશેઃPM મોદી ૯.૩ કરોડ ખેડૂતોના ખાતામાં ૨૦ હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ જૂને PM કિસાન સન્માન નિધિનો ૧૭મો હપ્તો જાહેર કરશે. પીએમ મોદી તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીમાંથી દેશના ૯.૩ કરોડ ખેડૂતોને ૨000 રૂપિયાના હપ્તાઓ ટ્રાન્સફર કરશે. જેમાં ૨૦ હજાર કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

અગાઉ ૨૮ ફેબ્રુઆરીએ પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૬મો હપ્તો બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ૨૧ હજાર કરોડ રૂપિયાથી વધુ ખેડૂતોને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ યોજના હેઠળ સરકાર દર વર્ષે ૨ હજાર રૂપિયાના ત્રણ હપ્તામાં ખેડૂતોના ખાતામાં





૬000 રૂપિયા ટ્રાન્સફર કરે છે.

આ યોજના હેઠળ, ખેડૂતોને એક વર્ષમાં ૨,000 રૂપિયાના ત્રણ હપ્તા આપવામાં આવે છે (કુલ ૬,000 રૂપિયા). યોજના હેઠળ, પહેલો હપ્તો એપ્રિલ-જુલાઈ વચ્ચે, બીજો હપ્તો ઑગસ્ટ-નવેમ્બર વચ્ચે અને ત્રીજો હપ્તો ડિસેમ્બર-માર્ચ વચ્ચે આપવામાં આવે છે. આ યોજના ૨૦૧૯માં ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી હતી.

યોજનાના પાત્ર લાભાર્થીઓ કોમન સર્વિસ સેન્ટર (CSC) દ્વારા પણ પોતાની નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત માત્ર સ્થાનિક પટવારી, મહેસુલ અધિકારી અને રાજ્ય સરકાર દ્વારા આ યોજના માટે નામાંકિત નોડલ ઓફિસર ખેડૂતોની નોંધણી કરી રહ્યા છે.

શરૂઆતમાં જ્યારે PM-કિસાન યોજના શરૂ કરવામાં આવી હતી (ફેબ્રુઆરી, ૨૦૧૯), તેના લાભો માત્ર નાના અને સીમાંત ખેડૂતોના પરિવારો માટે હતા. તેમાં એવા ખેડૂતોનો સમાવેશ થાય છે જેમની પાસે ૨ હેક્ટર સુધીની સંયુક્ત જમીન હતી. જૂન ૨૦૧૯માં, આ યોજનામાં સુધારો કરવામાં આવ્યો અને તમામ ખેડૂત પરિવારો સુધી લંબાવવામાં આવ્યો. જો કે, હજુ પણ કેટલાક ખેડૂતો આ યોજનાથી વંચિત છે.

પીએમ કિસાનમાંથી બાકાત રાખવામાં આવેલા લોકો સંસ્થાકીય જમીન ધારકો, બંધારણીય હોદ્દા ધરાવતા ખેડૂત પરિવારો, રાજ્ય અથવા કેન્દ્ર સરકારના સેવા આપતા અથવા નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓ છે. તેમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સરકારી સ્વાયત્ત સંસ્થાઓના અધિકારીઓ અને કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. આ સિવાય ડોકટરો, એન્જિનિયરો અને વકીલો જેવા પ્રોફેશનલ્સ તેમજ રૂ. ૧૦,000થી વધુ માસિક પેન્શન ધરાવતા નિવૃત્ત પેન્શનરો અને અગાઉના મૂલ્યાંકન વર્ષમાં આવકવેરો ભરનારાઓને પણ આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

# છ વર્ષ બાદ આજે બીએપીએસના વડા મહંતસ્વામી મહારાજનું રાજકોટમાં આગમન

## આજથી ૧૦ જુલાઈ સુધી રાજકોટ બી.એ.પી.એસ. કાલાવડ રોડ મંદિર ખાતે મહંતસ્વામી મહારાજ દર્શન આપશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે છ વર્ષના લાંબા અંતરાલ બાદ બીએપીએસના વડા મહંતસ્વામી મહારાજનું રાજકોટમાં આગમન થતાં ભકતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનો પૂર્વાશ્રમનો પરિવાર મૂળ આણંદનો, પરંતુ રોજગાર અર્થે મધ્યપ્રદેશના જબલપુરમાં સ્થાયી થયો હતો. તેમનો જન્મ તેમજ બાળપણ ત્યાં જ વિત્યું. અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ભણીને એગ્રીકલ્ચરમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી પ્રાપ્ત કરી. આ દરમ્યાન તરુણાવસ્થાથી જ વેકેશનમાં પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ સાથે વિચરણમાં જોડાતા. યોગીજી મહારાજના હસ્તે દિક્ષા ગ્રહણ કરી 'વિનુ ભગત' તરીકે ઓળખાયા. ભાગવતી દિક્ષા બાદ 'સાધુ કેશવજીવનદાસ' ગુરુઆજ્ઞા અનુસાર મુંબઈમાં કપરી પરિસ્થિતિઓમાં શાસ્ત્ર અભ્યાસ કરતા સંત મંડળનાં મુખ્ય સંત તરીકે જવાબદારી સંભાળતા. યોગીજી મહારાજના ધામગમન બાદ પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં તેઓ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયા અને ત્યારબાદ સદગુરુ પદે રહીને વર્ષો સુધી સેવા વિચરણ કરીને સંપ્રદાયને પ્રોત્સાહન આપ્યું. પ્રમુખસ્વામી મહારાજે પોતાની હયાતી દરમ્યાન હરિભક્તોના પત્રોની જવાબદારી તેમને સોંપી અને સંસ્થાના ગુરુપદે તેમજ પ્રમુખપદે તેઓને નીમ્યા.

છેલ્લા ૮ વર્ષોથી તેઓ સંસ્થાના ગુરુપદે રહીને વિશ્વભરમાં વિચરણ કરીને સત્સંગને પોષિત કરી રહ્યા છે અને બી.એ.પી.એસ. સંસ્થાની ૧૬૨ જેટલી સામાજીક, શૈક્ષણિક અને આધ્યાત્મિક સેવાપ્રવૃતિઓનું સફળ સંચાલન કરી રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણ દ્વારા આપેલા નિયમ ધર્મરૂપી પંચવર્તમાન એટલે કે નિર્માન, નિઃસ્નેહ, નિર્લોભ, નિઃસ્વાદ અને નિષ્કામ વર્તમાનના ઉત્તમ પાલક છે. બાયપાસ, બ્રેન સ્ટ્રોક વગેરેમાંથી તેઓ પસાર થઇ ચુક્યા છે. વેરીકોઝ વેઈન્સ વગેરે અનેક હયાત તકલીફો હોવા છતાં ૯૧ વર્ષની ઉંમરે પણ દેશ – પરદેશ ફરીને હિન્દુ ધર્મનો પ્રચાર પ્રસાર કરીને લોકોમાં ધર્મભાવના જગાવવા અને પ્રેરિત કરવાનું અદભુત કાર્ય કરી રહ્યા છે. મહંતસ્વામી મહારાજ ભગવાનના ઉત્તમ અને આદર્શ ભક્ત છે. ભગવાન સર્વ કર્તાહર્તા છે, ભગવાન અખંડ અમારી ભેગા છે અને ભગવાન સૌનું ભલું કરો એવી અવિરત વહેતી તેઓની જીવનભાવના ઉત્તમ પરાભક્તિનું દ્યોતક છે. તેઓની સાદગી, સરળતા અને સહજતા આદિક ગુણો સભર સાધુતા સૌને સ્પર્શે છે.

## રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકાને સુપરસીડ કરવાની માંગ સાથે કરાયો ચક્કાજામ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટમાં થયેલા અગ્નિકાંડમાં સંડોવાયેલા મનપાના એક થી વધુ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા બાદ ભાજપ શાસીત રાજકોટ મનપાના પદાધિકારીઓ અને નગરસેવકોને બચાવવાનો પ્રયત્ન રાજ્યસરકાર ારા કરવામાં આવ્યો છે. જે ગેરવ્યાજબી છે. આ અંગે રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકા ખાતે હલ્લાબોલ કરી મનપાને સુપરસીડ કરવાની માંગ કરાઈ હતી. પાલીકા ખાતે આંદોલન કરી રહેલા આપના નેતા અને કાર્યકરોની પોલીસ ારા અટકાયત કરવામાં આવી હતી. આપેલા આ અગ્નિકાંડના મુદ્દે આપ દ્વારા ચક્કાજામ કરાયો હતો.**

## નીટ પરીક્ષા પેપર લીક કૌભાંડમાં દોષીતોને કડકમાં કડક સજા આપો : એનએસયુઆઈના કાર્યકરોની અટકાયત


(તસ્વીરઃ આનંદ જાવિયા)



**છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ૪૧ પરીક્ષાના પેપર લીક થયેલ છે. જેની સીધી અસર ૧.૪ કરોડ વિદ્યાર્થીઓને પહોંચી છે. આ બાબતે આજે એનએસયુઆઈએ આવેદન પત્ર આપી તાજેતરમાં નીટની પરીક્ષામાં થયેલા કૌભાંડને ઉજાગર કરી જણાવ્યું હતું કે ૭૫% ટોપર્સ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા છે. જે અશક્ય બાબત છે. આ ઉપરાંત ગોધરામાં ભાજપના નેતા દ્વારા રૂ.૧૦–૧૦ લાખ લઈ નીટના પેપર ની તૈયારી કરાવવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડમાં દોષીતોને કડકમાં કડક સજા કરવા એનએસયુઆઈએ અનુરોધ ર્ક્યો હતો.**

### ૧૪ જૂન – ''વિશ્વ રક્તદાતા દિવસ''

## રક્તદાનના શતકવીરોના નિયમિત રક્તદાનથી મળતા પ્લેટલેટ્સ, પ્લાઝમા અને રેડ સેલથી અનેક લોકોને મળેલું જીવનદાન

### રાજકોટ ખાતે જૂની કલેકટર ઓફિસ સહીત અનેક સ્થળે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયોઃ થેલેસેમીયાના દર્દીઓ માટે ૧૯ વર્ષની ઉંમરથી ૧૫૫થી વધુ વખત રક્તદાન કરી હજારો બોટલ રક્ત એકત્રિત કરતા વિનયભાઈ જસાણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વભરમાં ૧૪ જૂનની ''વિશ્વ રક્તદાતા દિવસ'' તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે ઓસ્ટ્રિયાના જીવવિજ્ઞાની, ચિકિત્સક અને આધુનિક રક્ત તબદિલીના સ્થાપક કાર્લ લેન્ડસ્ટીનરની જન્મજયંતિ નિમિત્તે ૧૪ જૂન ૧૮૬૮થી કરવામાં આવે છે. તેઓ બ્લડગૃપના વર્ગીકરણની આધુનિક પદ્ધતિ એ,બી,ઓ રક્તજૂથના શોધક હતા, જેનાથી ડોક્ટર્સ દર્દીના જીવને જોખમમાં મૂક્યા વિના રક્ત તબદિલી કરાવવા સક્ષમ બન્યા છે. તેમને વર્ષ ૧૯30માં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ – ૨૦૦૫માં પ્રથમ વખત ''વિશ્વ રક્તદાતા દિવસ''નું આયોજન કરાયું હતું. રાજકોટવાસીઓમાં પણ રક્તદાન અંગે વધુને વધુ જાગૃતિ આવે તે માટે રાજકોટની જૂની કલેકટર



કચેરી ખાતે અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા કાલાવડ રોડ, છાપરા ખાતે બ્લડ ડોનેશન કેમ્પના આયોજનથી રક્તદાતા દિવસની ઉજવણી કરાશે.

વિશ્વ રક્તદાતા દિવસની આ વર્ષની થીમ છેઃ''ડોનેટ બ્લડ, ડોનેટ પ્લાઝમા, શેર લાઇફ, શેર ઓફન'', આ થીમ આધારિત એવા દર્દીઓ પર ભાર મુકવામાં આવ્યો છે, જેમને જીવનભર રક્ત અથવા પ્લાઝમાની જરૂર હોય. આ દિવસની ઉજવણી વિશ્વભરમાં ઠેર-ઠેર રક્તદાન કરીને ઉજવવામાં આવે છે.

રાજકોટના રકતદાન કરનારા શતકવીરોમાં રાજકોટની શ્રીમદ રાજચંદ્ર સંસ્થામાં કાર્યરત વિનયભાઈ જસાણીએ ૧૫૫થી વધુ વખત રક્તદાન ર્ક્યું છે. તેમણે માત્ર ૧૯ વર્ષની વયથી રક્તદાન કરવાની શરૂઆત કરી હતી. વિનયભાઈએ તેમના મોટા ભાઈને થેલેસેમિયાના દર્દીઓ માટે રક્તદાન કરતા જોઇ રકતદાનના સેવાકાર્યમાં જોડાવાની શરૂઆત કરી હતી. તેઓ નિયમિત સમયાંતરે પોતાના કુટુંબ, મિત્ર વર્તુળમાં પણ રક્તદાન કેમ્પનું આયોજન કરીને વધુને વધુ લોકોને રક્તદાન કરવા પ્રેરિત કરતા રહ્યા છે. તેમની સંસ્થા અનેકવિધ કેમ્પ કરીને મહિનાની આશરે ૧૫00 થી ૨000 બોટલ રક્ત ભેગુ કરીને સિવિલ હોસ્પિટલને સોંપે છે, જેનાથી થેલેસેમિયાના દર્દીઓને મદદરૂપ થવાય છે.

શતકવીર રકતદાતા બનનારા અને સાચા અર્થમાં રક્તદાતા દિવસના પ્રેરણા સ્વરૂપ મહેશભાઈ જુરિયાણી ૭0% દિવ્યાંગતિ છતાં ૧0૪ વખત રક્તદાન કરી લોકોનું જીવન બચાવવામાં સહભાગી બન્યા છે. આ સેવાયજ્ઞનો આરંભ વર્ષ ૧૯૯૮થી થયો હતો. તેમના મિત્રના પુત્ર થેલેસેમિયાથી પીડિત હોવાથી તેને મદદરૂપ થવા સૌથી પહેલા રક્તદાન કરવાની પ્રેરણા મળી હતી. ૪૫ વર્ષીય મહેશભાઈ પી.જી.વી.સી.એલ.માં કેશિયર તરીકે ફરજ બજાવે છે. મહેશભાઈની સાથોસાથ તેમના પત્ની રેશ્માબેને પણ દિવ્યાંગ હોવા છતાં ૨૫ વખત રક્તદાન ર્ક્યું છે. આ દિવ્યાંગ દંપતી સમાજમાં અન્ય લોકો માટે પ્રેરણા બન્યુ છે. વધુમાં મહેશભાઈએ જણાવ્યું હતું કે હુ દિવ્યાંગ છું પણ સમાજમાંથી ઘણો સપોર્ટ મળે છે. આથી, સમાજ પ્રત્યે મારું પણ ઉત્તરદાયિત્વ છે કે મારે પણ સમાજને રીટર્ન આપવું જોઈએ. અને હું રક્તદાન કરી શકતો હોઉં તો આજનો યુવા રક્તદાન કરવા સક્ષમ છે.


## રાજકોટ જિલ્લા પંચાયતમાં પ્રથમવાર યોજાઈ ડીઆરડીએની બેઠકઃ સાંસદ પરશોત્તમ રૂપાલાએ ભાગ લીધો


(તસ્વીરઃ આનંદ જાવિયા)


**આજે રાજકોટ જિલ્લા પંચાયત ખાતે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. રાજકોટ જિલ્લા પંચાયત ખાતે પ્રથમવાર પ્રમુખની હાજરીમા ડીઆરડીએની બેઠક યોજાઈ હતી. જેમાં સામાન્ય પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ભાગ લેવા રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા જિલ્લા પંચાયત પહોંચ્યા હતા. આ બેઠકમા જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, જિલ્લા વિકાસઅધિકારી નવનાથ ગવ્હાણે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

## પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના શૈલેષભાઈ ગોહિલને બઢતી મળતાં વિદાયમાન અપાયું

### અધિકારીઓ અને કર્મચારીઓએ સંસ્મરણો વાગોળી બઢતી બદલ શુભેચ્છાઓ પાઠવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સહાયક અધિક્ષક તરીકે કાર્યરતશ્રી શૈલેષભાઈ ગોહિલને જિલ્લા માહિતી કચેરી, મોરબી ખાતે અધિક્ષક તરીકે બઢતી મળતાં સંયુકત માહિતી નિયામકશ્રી મિતેષભાઈ મોડાસિયાના અધ્યક્ષસ્થાને તેમનો વિદાયમાન સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં શ્રી શૈલેષભાઈ ગોહિલને શ્રીફળ આપીને તથા શાલ ઓઢાડીને અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું. સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેષભાઈ મોડાસિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં 'કાર્યનિષ્ઠાને વરેલા માણસ' તરીકે તેમની વહીવટી કામગીરીને બિરદાવી હતી. તેમજ નાયબ માહિતી નિયામકશ્રી પ્રશાંતભાઈ ત્રિવેદી, સહાયક માહિતી નિયામકશ્રીઓ (સંપાદન) સોનલબેન જોશીપુરા અને પ્રિયંકાબેન પરમાર તથા શ્રી રઝાકભાઈ ડેલા અને કર્મચારીઓએ તેમનાકાર્યકાળ દરમ્યાનના યાદગાર સંસ્મરણો વાગોળીને બઢતી મળવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

નોંધનીય છે કે શ્રી શૈલેષભાઈ રાજકોટ, ઉના, સુરેન્દ્રનગર, જૂનાગઢની કચેરીઓમાં સેવક, જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને સહાયક અધિક્ષક તરીકે ઉત્તરોત્તર પ્રગતિ સાથે જાહેરખબર, પત્રકારો સાથે લાયેઝનિંગ સહિતની ફરજ ૩૨ વર્ષથી સુપેરે નિભાવી રહ્યાં છે. આ કાર્યક્રમનું સંચાલન કેમેરા ઓપરેટરશ્રી કેતનભાઈ દવેએ પોતાની આગવી શૈલીમાં ર્ક્યું હતું. આ તકે કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૪૮ લાખ ખેડૂતોને અપાઈ પ્રાકૃતિક કૃષિની તાલીમ

### સૌથી વધુ ગોંડલ તાલુકાના ૨૯,૪૬૩ ખેડૂતો, બીજા ક્રમે રાજકોટ તાલુકાના ૧૮૬૮૧ ખેડૂતો થયા તાલીમબદ્ધઃ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તે માટે 'આત્મા' દ્વારા કરવામાં આવે છે તાલીમનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ખેડૂતો ઝેરી રસાયણ મુક્ત એવી પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરીને સમૃદ્ધ બને, સાથે રાજ્યની ધરતી વધુ ફળદ્રુપ અને નસ્ત્રસુફલામસ્ત્રસ્ત્ર બને તે માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અભિયાન ઉપાડયું છે. રાજ્યપાલશ્રીની પ્રેરણાથી રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકાર મિશન મોડમાં કામ રહી છે. રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કેળવે, તેના ફાયદાથી માહિતગાર થઈને તેનો લાભ ઉઠાવે અને ઝીરો બજેટ ખેતી કરતા થાય, તે માટે જિલ્લે-જિલ્લે અને તાલુકે-તાલુકે સઘન તાલીમ આપવામાં આવે છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૪૮ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ- માર્ગદર્શન આપવામાં આવ્યું છે.



રાજ્યમાં આત્મા (એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને તાલીમ આપવાનું આયોજન કરવામાં આવે છે. નોંધનીય છે કે આત્મા એ જિલ્લા કક્ષાએ કાર્યરત રજિસ્ટર્ડ સોસાયટી છે, જે જિલ્લાના ટકાઉ કૃષિવિકાસ માટે જિલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓની સાથે રહીને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે.

આત્મા-રાજકોટના પ્રોજેક્ટ ડાયરેક્ટર હસમુખભાઈ વાદીના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ મળીને ૧,૪૮,૧૦૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૨,૩૯૫ ખેડૂતો, વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૪,૩૬૨ ખેડૂતો જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,0૧,૩૪૮ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અપાઈ છે.

તાલુકા પ્રમાણે વિગત જોઈએ તો, પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ લેવામાં ગોંડલ તાલુકાના ખેડૂતો સૌથી આગળ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગોંડલના ૨૯,૪૬૩ ખેડૂતો ઝીરો બજેટવાળી અને ગુણવત્તાયુક્ત પાક ઉત્પાદિત કરતી, ધરતીને ઝેરી રસાયણમુક્ત કરતી પ્રાકૃતિક ખેતી અંગે તાલીમબદ્ધ થયા છે. એ પછી બીજા ક્રમે રાજકોટ તાલુકાના ૧૮,૬૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી છે. ત્રીજા ક્રમે ઉપલેટા તાલુકામાં ૧૪,૨૨૭ ખેડૂતોને તાલીમ આપવામાં આવેલી છે.

જ્યારે જેતપુર તાલુકાના ૧૩૫૧૦ ખેડૂતો, જસદણ તાલુકાના ૧૩૨૭૬ ખેડૂતો, જામકંડોરણા તાલુકાના ૧૦૭૮૬ ખેડૂતો, પડધરી તાલુકાના ૧૦૫૦૩ ખેડૂતો, કોટડા સાંગાણી તાલુકાના ૯૭૧૫ ખેડૂતો, લોધીકા તાલુકાના ૯૫૫૯ ખેડૂતો, વિંછીયા તાલુકાના ૯૩૪૩ ખેડૂતો, ધોરાજી તાલુકાના ૯૦૪૨ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમબદ્ધ થયા છે.

આત્મા-રાજકોટ કચેરી દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં પણ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં જ ૧0મી જૂને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડીયા ખાતે ગ્રામ સેવકો તથા વિસ્તરણ અધિકારીઓ માટે પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમના આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં પણ વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ આપીને, તેઓને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવવાના સઘન પ્રયાસો ચાલુ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારીયા રોડ પર શિવધામ સોસાયટી પાસે વિદેશી દારૂ ભરેલી સ્કોર્પિયો કાર ઝડપાઈ

## ડીસીપી ઝોન વન એલસીબી ટીમે ચોક્કસ બાતમીના આધારે બુટલેગરને ઝડપી લઈ રૂપિયા ૧૦ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેર ની ભાગોળે આવેલા આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીસીપી ઝોન વન એલસીબી ટીમે સ્કોર્પિયો કારમાં કોઠારીયા રોડ પર થી એક શખ્સને વિદેશી દારૂ ના જથ્થા સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.







આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગતરાત્રિના ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પી.એસ.આઇ બી વી બોરીસાગર તથા હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ તથા મનરૂખગીરી તથા હિતેશભાઈ સહિત નો સ્ટાફ કોઠારીયા રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે તભજ્ઞાશિજ્ઞ કારમાં બુટલેગર દારૂની ડીલેવરી આપવા માટે આવતો હોવાની હકીકતના આધારે પોલીસે કોઠારીયા રોડ પર શિવ ધામ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન કાળા કલરની કોર્પિયો કારમાં એક ઈસમ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવી પલાસી લેતા એમાંથી અલગ અલગ બ્રાન્ડ ને વિદેશી દારૂની ૧૪૪ બોટલ મળી આવતા પોલીસે કારનો ચાલક સુરજ જબર ઉડા નામના શખ્સને બબોચી લઇ કાર સહિત ₹૧૦,૦૦,૦૦૦ નો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ઈપીએફઓના એન્ફોર્સમેન્ટ ઓફિસર સહિત ત્રણ શખ્સો લાંચ લેતા ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મીઠાપુરની કંપનીના ઈપીએફના પેન્ડીંગ કામ બાબતે રૂ .૧.૧૦ લાખની લાંચ લેતા ઈપીએફઓના એન્ફોર્સમેન્ટ ઓફિસર અને પીએફ કન્સલ્ટન્ટ પેઢીના પિતા - પુત્ર સહિત ત્રણ શખ્સોને સીબીઆઈની ટીમે રંગે હાથ ઝડપી લીધા હતાં જામનગર પીએફના એન્ફોર્સમેન્ટ ઓફિસર સહિત ત્રણ શખ્સો લાંચ લેતા - ઝડપાયા સીબીઆઈ દ્વારા હાલારમાં મોટી કાર્યવાહી : મીઠાપુરની કંપનીની પેન્ડીંગ ફાઇલ માટે રૂ .૧.૧૦ લાખની લાંચની માંગણી : પીએફ કન્સલ્ટન્ટ પેઢીના પિતા - પુત્ર અને પીએફ ઓફિસરની ધરપકડ : નિવાસસ્થાને અને ઓફિસમાં સીબીઆઇ દ્વારા સર્ચ ઓપરેશ જામનગર અને દ્વારકા જિલ્લામાં સરકારી



અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સરકારી કામ માટે લાંચ લેવાનો વિવાદ સાવ સામાન્ય થઈ ગયો છે . કોઇપણ સરકારી કચેરીમાં લાંચ સિવાય કામ થતું ન હોવાનો હાલારવાસીઓ ઘણી વખત અનુભવ કરતા હોય છે . આવા લાંચિયા અધિકારીઓ ઘણીવખત લાંચ લેતા એસીબીના હાથ રંગે હાથ ઝડપાઇ જાય છે . આમ તો લગભગ દરેક વિભાગમાં ભ્રષ્ટાચાર એટલી હદે ફેલાઈ ગયો છે કે કોઇપણ સરકારી કચેરીમાં લાંચ આપ્યા વગર કામ થતા જ નથી . અવાર - નવાર એસીબી અને અન્ય એજન્સીઓ દ્વારા લાંચિયા અધિકારીઓને ઝડપી લેવા તથા તેમની મિલક્તોની તપાસ બાદ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તેમ છતાં અધિકારીઓ લાંચ લેવામાં અચકાતા નથી . હાલમાં જ જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલનો પટાવાળો એસીબીના છટકામાં આવી ગયો હતો . પરંતુ , ચાલાક પટાવાળાને એસીબીની ગંધ આવી જતાં નાશી જવામાં સફળ રહ્યો હતો . પટાવાળા વિરૂધ્ધ લાંચની ફરિયાદ બાદ હોસ્પિટલના અધિક્ષક દ્વારા પાંચ કર્મચારીઓની આંતરિક બદલી તાત્કાલિક ધોરણે કરવામાં આવી હતી દરમિયાન સીબીઆઇની ટીમ જામનગર અને દ્વારકા જિલ્લામાં મળેલી ફરિયાદના આધારે કાર્યવાહી કરવા ત્રાટકી હતી અને મીઠાપુરની કંપનીના ઈપીએફના પેન્ડીંગ કામ સંબંધે રૂ .૧.૧૦ લાખની લાંચની માંગણી કરવામાં આવી હોવાની ફરિયાદના આધારે સીબીઆઈની ટીમે ગુરૂવારે સાંજે છટકુ ગોઠવ્યું હતું જેમાં ઓખા મંડળ સ્થિત પીએફ ધસ્લટન્ટ પેઢીના એચ કે ભાયાણી અને તેનો પુત્ર જય ભાયાણી અને જામનગરમાં ઈપીએફઓના એન્ફોર્સમેન્ટ ઓફિસર નથવાણી સહિતના ત્રણેય શખ્સોને સીબીઆઈની ટીમે રૂ .૧.૧૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતાં . સીબીઆઈની ટીમ દ્વારા ઈપીએફઓના અધિકારી નથવાણીની લાંચમાં અટકાયત બાદ ટીમે જામનગર આવેલી ઓફિસમાં અને ધસ્લટન્ટ પેઢીના સંચાલકો તથા ઈપીએફઓના અધિકારીના નિવાસસ્થાને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું . સીબીઆઈની ટીમ દ્વારા ઈપીએફઓના અધિકારીને રંગે હાથ લાંચ લેતા ઝડપી લેવાની ઘટનાથી લાંચિયા અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો . આ મામલે સીબીઆઈ દ્વારા વિધિવત ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

# રાજકોટમાં વધુ બે યુવાનોના શ્વાસ થંભી ગયાઃ સફાઈ કરી રહેલ કોર્ટના કામદાર અને રામનાથપરાનો યુવાન રાત્રે સુતા બાદ ઉઠયો જ નહીં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજયભરમાં હાર્ટએટેકના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. તેમાં પણ યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. જે ચિંતાજનક બાબત છે. શહેરમાં નવી કોર્ટના સફાઈ કામદાર સહિત વધુ બે યુવાનોના શ્વાસ થંભી ગયા હતા.

કોર્ટમાં સફાઈ કરી બેલીફ રૂમમાં બેઠો હતો ત્યારે જ ઢળી પડતા બેભાન થઈ ગયો હતો. જયારે રામનાથપરાનો યુવાન રાત્રે સુતા બાદ સવારે ઉઠયો જ નહી અને નિંદ્રામાં જ હાર્ટએટેક આવી ગયો હતો.






જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર વાલ્મીકીવાસ આવાસ કવાર્ટરમાં રહેતા અને જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડીંગમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતો અક્ષય વિજયભાઈ સોઢા (ઉ.૩૨) નામનો યુવાન આજે સવારે કોર્ટમાં સફાઈ કર્યા બાદ બેલીફ રૂમમાં પંખો ચાલુ કરી બેઠો હતો ત્યારે બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. પરંતુ ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. પ્રાથમિક તપાસમાં હાર્ટએટેકથી મોત નીપજયાનું જાણવા મળ્યું છે. મૃતક બે ભાઈમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્રી છે. આ બનાવથી એકની એક પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

જયારે બીજા બનાવમા મુળ બંગાળનો અને હાલ રામનાથપરા શેરી નં.૬માં રહેતો દેબાસીસ બેધનાથ પાત્રા (ઉ.વ.૨૬) નામનો યુવાન ગઈકાલે રાતે જમીને સુતા બાદ સવારે ન ઉઠતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. જયાં તબીબોએ હાર્ટએટેકથી મોત થયાનું જણાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈમાં નાનો અને અપરણિત હોવાનું અને પાંચ વર્ષથી અહીં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટની રૈયા ચોકડી પાસે મોડીરાત્રે બે યુગલ વચ્ચે સરાજાહેર મારામારી થતાં ચકચાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૈયા ચોકડી પાસે આજે મોડી રાત્રીના બે બે પ્રેમી પંખીડા જેવા યુગલ વચ્ચે સરા જાહેર મારામારી થઈ હતી બાદમાં એક યુવાને એક યુવતી ને છરીનો ઘા દીધો હતો. તેઓ સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ થયો હતો. રૈયા ચોકડી પાસે આવેલ રાત્રિના ૧૧:૩૦ વાગ્યાની આસપાસ એક્ટિવા લઈ આવતી યુવતી અને બીજી યુવતી સાથે કોઈ બાબતે માથાકૂટ થઈ હતી



ઝઘડો ઉગ્ર બનીને મારામારી સુધી પહોંચી ગયો હતો.આ દરમિયાન એક યુવાન દોડી આવી યુવતી ઉપર ફરીથી હુમલો કર્યો હતો. છરીના ઘાથી યુવતી લોહી લુહાણ બની હતી.

પ્રેમી યુગલો વચ્ચે કોઈ કારણસર સરા જાહેર બબાલ થતા લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટીયા હતા અને વીડીયા સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. બાદમાં બંને પ્રેમી પ્રેમી યુગલ ઘટના સ્થળેથી નાસી છૂટચા હતા.

# લીંબડી હડાળા રોડ પર દારૂની પેટી ભરેલી કાર પલ્ટી ખાઈ ગઈઃ ચાલક ફરાર

**મુખ્ય સમાચાર, વઢવાણ**

લીંબડી-હડાળા રોડ પર ચોકી ગામે પાસે દારૂની પેટીઓ ભરેલી કાર પલટી ખાઈ ગઈ હતી. દારૂની બોટલ કાર બહાર નીકળી ગઈ હતી. ચાલક કાર અને દારૂ છોડી ભાગી ગયો હતો. દારૂ ભરેલી કાર રોડ નીચે પડ્યાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ પહોંચે તે પહેલાં લોકો દારૂ ચોરી ભાગી ગયા હતા. પોલીસના હાથમાં કાર અને દારૂની પેટીના તૂટેલા ખોખા આવ્યા હતા. કાર કોની હતી તેના વિશે તપાસ હાથ ધરવામાં આવી છે.



લીંબડી-હડાળા રોડ પર ચોકી ગામે પાસે વહેલી સવારે દારૂની પેટીઓ ભરેલી કાર ગોથું ખાઈ રોડ નીચે ઉતારી ગઈ હતી. દારૂ ભરેલા ખોખા અને દારૂની બોટલો કાર બહાર નીકળી ગઈ હતી. ચાલક કાર અને દારૂની બોટલો છોડી ભાગી ગયો હતો.

દારૂ ભરેલી કાર રોડ નીચે પડી હોવાની માહિતી મળતાં લીંબડી અને પાણશીણા પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ ટીમ પહોંચે તે પહેલાં જ લોકો દારૂની બોટલો ચોરી ભાગી ગયા હતા.

પોલીસના હાથમાં કાર અને દારૂની પેટીના તૂટેલા ખોખા આવ્યા હતા. લીંબડી કે પાણશીણા પોલીસ હદ નક્કી કરવા ગોથે ચડ્યા હતા. છેલ્લા લીંબડી પોલીસની હદ હોવાનું સાબિત થયું હતું. દારૂ ભરેલી કાર કોની હતી તેના વિશે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કૌટુંબિક ભત્રીજાએ કાકી પર નિર્લજજ હુમલો કરી દુષ્કર્મ આચરવાનો કર્યો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પંથકમાં રહેતી પરિણીતા બાળકો માટે સ્ટેશનરી લઈને પરત ફરતી હતી ત્યારે કૌટુંબિક ભત્રીજાએ કાકી ઉપર નિર્લજ્જ હુમલો કરી ઈજ્જત લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી પત્નીતાને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ પંથકના ચોટીલા હાઈવે ઉપર આવેલા નાનકડા એવા એક ગામમાં રહેતી પરિણીતા પોતાના ગામમાં વાડી વિસ્તારમાં હતી ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં કૌટુંબિક ભત્રીજા ઉમેશ વાટિયા નામના શખ્સે ઝઘડો કરી લૂંગી વડે ગળે ટૂંપો દઈ માથે પગ મૂકી ઢીકા પાટુનો માર માર્યો હતો. પરિણીતાને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરતા એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં વેકેશન ખુલતા જ પરિણીતા પોતાના બાળકો માટે સ્ટેશનરી લેવા ગઈ હતી અને સ્ટેશનરી લઈને પરત ફરતી હતી ત્યારે કૌટુંબિક ભત્રીજા ઉમેશ વાટિયાએ રસ્તામાં રોકી નિર્લજ્જ હુમલો કરી ઈજ્જત લૂંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પરિણીતાએ બુમાબુમ કરતા બાળકો અને પતિ આવી જતા હુમલો કરનાર કુટુંબિક ભત્રીજો ભાગી ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આજીવન કેદની સજા ભોગવી રહેલાં કેદીની સારી વર્તણુંક બદલ જેલમાંથી મુકત કરવા આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કેદીને મુકત કરવામાં આવ્યો છે.આ કેદીના સારા વર્તાવના કારણે સરકાર દ્વારા આ જેલમાંથી મુક્ત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેમજ તેને પોતાના આગળના જીવનને સારી રીતે કોઈ પણ ગેરકાયદેસર પ્રવૃતિમાં જોડાયા વગર પસાર કરે તેવી શુભેરછા પાઠવી હતી.

આજીવન કેદની સજા પામેલા અને ૧૪ વર્ષ પુર્ણ કરેલ હોઈ તેવા કેદીઓને જેલમાં સારા સ્વભાવ ના કારણે જેલ



માફી ગૃહ વિભાગમાંથી આપવામાં આવે છે. ગત તા.૧૧-૦૬ના રોજ ગૃહ વિભાગના આદેશોનુસાર રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા પાકાકેદી નાજાભાઈ જેઠાભાઈ કોડિયાતર નાઓને શરતોને આધીન કાયમી જેલમુક્ત કરવાનો હુકમ થતા તા.૧૨/૦૬ના બાકીની સજા માફ કરી જેલમાંથી મુક્ત કરવા આવ્યા હતા. તેમજ પી.આઈ. એમ.આર.ઝાલા, પી. આઈ. બી.બી.પરમાર, જેલર વી.એસ પારગી તથા સ્ટાફના હરેશભાઈ તથા જયેશભાઈ નાઓ દ્વારા તેમનું મોં મીઠુ કરાવી ધાર્મિક પુસ્તકો તેમજ પોસ્ટની પાસબુક તથા ખાતામાં જમા થયેલી રકમ આપી સમાજમાં પુનઃસ્થાપિત થવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# શહેરના રેલનગર વિસ્તારમાં પરિણીતાને બાળકો મુદ્દે ઝઘડો થતાં ગળા ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેલનગર વિસ્તારમાં આવેલા સાશ્વત પાર્ક પ્લોટમાં રહેતી પરિણીતાને બાળકો મુદ્દે પાડોશી સાથે ઝઘડો થતાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિણીતાને બે શુધ્ધ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં રેલનગર વિસ્તારમાં આવેલા સાશ્વત પાર્ક પ્લોટમાં રહેતી પ્રિયંકાબા બ્રીજરાજસિંહ જાડેજા (ઉ.૨૬) નામની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે ચારેક વાગ્યાના અરસામાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિણીતાને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસિપટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પુછપરછમાં પ્રિયંકાબા જાડેજા છોકરા મુદ્દે પાડોશી સાથે ઝઘડો થયો હતો. જેના કારણે પ્રિયંકાબા જાડેજાએ આવેશમાં આવી ગળેફાંસો ખાઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં જંગલેશ્વરમાં રહેતા હમિદાબેન ઈસ્માઈલભાઈ ઉઢેજા નામના ૪૫ વર્ષના પ્રૌઢા પોતાના ઘરે હતા ત્યારે આર્થિક ભીંસથી કંટાળી ફીનાઈલ પી લીધું હતું. પ્રૌઢાને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ઉપરોકત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરના મનહર પ્લોટમાં પુત્રએ પ્રેમ લગ્ન કરી લેતા ચિંતામાં માતાએ ઉંઘની વધુ પડતી ગોળી ખાઈ લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આવેલા મનહર પ્લોટમાં પુત્રએ પ્રેમ લગ્ન કરી લેતાં ચિંતામાં માતાએ ઉંઘની વધુ પડતી ગોળીઓ પી લીધી હતી. પ્રૌઢાને તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, મનહર પ્લેટમાં રહેતા વિભાબેન રૂપમભાઈ દવે (ઉ.૫૬) પોતાના ઘરે હતાં ત્યારે રાત્રિનાં દસેક વાગ્યાના અરસામાં ઉંઘની વધુ પડતી ગોળીઓ પી લીધી હતી. પ્રૌઢાની તબિયત લથડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક પુછપરછમાં વિભાબેન દવેના પુત્રએ પ્રેમ લગ્ન કરી લેતાં તેની ચિંતામાં ઉંઘની વધુ પડતી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઉપરાંત બીજા બનાવમાં કોઠારીયા વિસ્તારમાં રહેતા જય પ્રવિણભાઈ લાખાણી (ઉ.૩૧)ની નજીવા પ્રશ્ને તેની પત્ની સાથે ઝઘડો થતાં ફીનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસિપટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રૂડાનગરમાં નાણાં માંગતા દુકાનદાર પર બે અજાણ્યા શખ્સોનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રડાનગરમાં હેર કટીંગના પૈસા માંગતા દુકાનદાર ઉપર અજાણ્યા બે શખ્સોએ છરીથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર રૂડાનગર-૧માં રહેતા અને ઘરમાં જ સ્ટાઈલો હેર સલુન નામની દુકાન ધરાવતા કિશન મહેશભાઈ હિરાણી (ઉ.૨૬)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં અજાણ્યા બે શખ્સો હોવાનું જણાવ્યું છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૧ના બપોરે તેઓ દુકાને હતા ત્યારે અગાઉ વાળ કપાવી ગયેલો એક શખ્સ અને તેની સાથે એક શખ્સ વાળ કપાવવા આવેલો અને વાળ કપાવવાના નાણા માંગતા બોલાચાલે કરી રૂ.૪૦૦ ઓનલાઈન ચુકવ્યા હતા. બાદમાં તા.૧૨ના રાત્રીના ફરી બન્ને શખ્સોએ આવી ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી છરી વડે હુમલો કર્યો હતો. દરમિયાન દેકારો થતાં બન્ને શખ્સો બાઈક મુકી નાસી છુટયા હતા. આ હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. આ અંગે તાલુકા પોલીસે અજાણ્યા બે શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમે કુશળ કાઉન્સેલિંગ દ્વારા પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર મહિલાઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે તેનું જવલંત ઉદાહરણ રાજકોટ જિલ્લા ખાતે ૧૮૧ અભયમ એ પૂરું પાડ્યું છે.ગઈ તારીખ ૧૨-૦૬-૨૦૨૪ ના રોજ પડધરી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક પીડીત મહિલા દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે તેમના પતિએ છ દિવસથી ઘરની બહાર કાઢી મુકેલ છે તેથી ૧૮૧ ની મદદની જરૂર છે

જેના પગલે ૧૮૧ ના કાઉન્સેલર વૈશાલીબેન ચૌહાણ મહિલા કોન્સ્ટેબલ પાયલબેન તેમજ પાયલોટ હિમાંશુભાઈ સ્થળ પર પહોંચેલ. પીડિત મહિલાના કાઉન્સેલિંગ દરમિયાન જણાવેલ કે તેમના લગ્નને ૮ વર્ષ જેટલો સમયગાળો થયો સંતાનમાં ૩ બાળકો છે તેના પતિ અવાર-નવાર ઝઘડો કરી માનસિક-શારીરિક ત્રાસ આપતા હોય છે. તથા





વારંવાર પિયર મૂકી જતા હોય છે પીડીતા મહિલાના ભાઈ બીમાર હોય અને પીડીતા મહિલા પિયર જવાનું કહેતા તેના પતિ તેમને ઝઘડો કરી પિયર મૂકી આવેલ પીડિત મહિલા ના બાળકો પણ તેમના પતિ પાસે હતા ૧૮૧ ટીમે પીડિતાના પતિને સમજાવેલ પિયર જવાના કારણે તેમના લગ્ન જીવનમાં આવતી સમસ્યા વિશે સમજ કરેલ અને કાયદાકીય સલાહ-સૂચન માર્ગદર્શન આપવામાં આવેલ.તેના સાસુ-સસરા,કુટુંબના સભ્યો સાથે વાતચીત કરવામાં આવેલ પીડિતાના માતા પણ હાજર હોય અને પીડિતાના પતિએ તેની ભૂલ સ્વીકાર કરી માફી માગેલ અને હવે પછી તેની પત્નીને હેરાન નહી કરે તેમજ પત્ની અને બાળકોની તમામ જવાબદારીઓ પૂરી કરશે તેવું જણાવેલ. પીડિતાના પતિની જવાબદારી તેના ઘરના વડીલોએ લીધેલ તેથી પતિ-પત્ની વચ્ચે થતા ઝઘડા નું સુખદ નિરાકરણ કરવામાં આવેલ અને ઘર સંસાર તૂટતા બચાવેલ. પીડિત દ્વારા ૧૮૧ નો આભાર વ્યક્ત કરેલ.

# શહેરના પોપટપરા વિસ્તારમાં અપશબ્દ બોલી રહેલાં શખ્સને સમજાવવા જતાં સગીર પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોપટપરા વિસ્તારમાં રહેતો સગીર પોતાના મિત્ર સાથે પોપટપરા સ્મશાન નજીક આવેલા બગીચામાં હતો ત્યારે અજાણ્યા શખ્સો ગાળો ભાંડતા હતાં. જેથી અજાણ્યા શખ્સોને ગાળો બોલવાની ના પાડતાં સગીર ઉપર હુમલો કર્યો હતો. સગીરને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, પોપટપરા વિસ્તારમાં આવેલા ઈમામ ચોકમાં રહેતા કિશાન રામજીભાઈ વાવેસા નામનો ૧૭ વર્ષનો સગીર રાત્રિના સાડા દસેક વાગ્યાના અરસામાં પોપટપરા સ્મશાન નજીક આવેલા બગીચામાં પોતાના મિત્ર સાથે હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી પાઈપ વડે માર માર્યો હતો. સગીરને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત બીજા બનાવમાં કણકોટ પાટીયા પાસે હિકમત શકરાણા (ઉ.૨૩) સાથે ભીમચંદ સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી અને હેલ્મેટ વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોકત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.